રોજમદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓની લાંબા સમયથી પડતર માંગણીઓનો નિકાલ નહીં આવતાં રોષ

# બોરસદ પાલિકાના રોજમદારોનું અલ્ટીમેટમ ૧૦ દિવસમાં જ નિર્ણય લો, નહીં તો હડતાળ !

**પ્રમુખ અને ચીફ** ઓફિસરની ગેરહાજરીમાં ઓએસને આવેદનપત્ર સુપરત કર્યું



(પ્રતિનિધિ) આણંદ તા ૧૯

બોરસદ નગરપાલિકામાં વિવિધ વિભાગોમાં વર્ષોથી રોજમદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓની લાંબા સમયથી પડતર માંગણીઓનો નિકાલ નહીં આવતાં કર્મચારીઓમાં આક્રોશ ભભૂકી ઊઠ્યો છે. મંજૂર થયેલા લઘુતમ મહેકમમાં ખાલી પડેલી જગ્યાઓ પર ફરજ બજાવતા રોજમદાર કર્મચારીઓને કાયમી ધોરણે સમાવી લેવાની માંગ સાથે કર્મચારીઓ સંગઠિત થઈ નગરપાલિકા કચેરીએ પહોંચ્યા હતા.

નગરપાલિકા કચેરીએ આવેદનપત્ર આપવા પહોંચેલા કર્મચારીઓને પ્રમુખ અને ચીફ ઓફિસર હાજર ન હોવાથી કર્મચારીઓએ ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટને આવેદનપત્ર સુપરત કરી પોતાની રજૂઆત કરી હતી. કર્મચારીઓએ વર્ષોથી સેવા આપવા છતાં કાયમી નિમણૂકનો પ્રશ્ન ઉકેલાયો ન હોવા અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

બોરસદ નગરપાલિકાના વહીવટી વિભાગ, પાણી પુરવઠા શાખા, ફાયર વિભાગ, સેનેટરી વિભાગ સહિતના વિવિધ વિભાગોમાં રોજમદાર કર્મચારીઓ લાંબા સમયથી ફરજ બજાવી રહ્યા છે. કર્મચારીઓની મુખ્ય માંગ છે કે મંજૂર થયેલા લઘુતમ મહેકમમાં ખાલી પડેલી જગ્યાઓ સામે તેમને કાયમી ધોરણે સમાવી લેવામાં આવે, જેથી વર્ષોથી સેવા આપતા કર્મચારીઓને ન્યાય મળી શકે.

કર્મચારીઓને કાયમી કરવાની આ માંગ અગાઉ બોરસદ નગરપાલિકાની છેલ્લી સાધારણ સભામાં પણ વિરોધ પક્ષ દ્વારા વધારાના કામ તરીકે રજૂ કરવામાં આવી હતી. આ મુદ્દો ૨૦ મતથી પસાર થયો હોવા છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હોવાનો કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે.

હવે કર્મચારીઓએ 10 દિવસની આખરી સમયમર્યાદા આપતાં નગરપાલિકાના વહીવટી તંત્ર સામે પડકાર ઊભો થયો છે. જો માંગણીઓનો ઉકેલ નહીં આવે તો હડતાળના પગલે નગરપાલિકાની વિવિધ સેવાઓ પર અસર થવાની શક્યતા છે.

## વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન ખાતે ૧૧,૧૧૧ દીવડાની ભવ્ય મહાઆરતી યોજાઈ



ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના થર્મલ પાવર સ્ટેશન, વણાકબોરી ખાતે નવરાત્રી મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત પરંપરાગત રીતે ૧૧,૧૧૧ દીવડાની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મધ્યરાત્રિએ ૧૨ વાગ્યે લાઈટો બંધ કરી દીવડાઓની કલાત્મક ગોઠવણી દ્વારા માં નવદુર્ગાનાં પાવન પગલાં, મહિષાસુરમર્દિની તથા વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પની અદભુત દીપકૃતિઓ સર્જવામાં આવી હતી. આ દિવ્ય મહાઆરતીના નયનરમ્ય દૃશ્યોનું ડ્રોન કેમેરાથી શૂટિંગ કરી યુટ્યુબના માધ્યમથી લાઈવ પ્રસારણ કરાયું હતું, જેથી દૂર બેઠેલા ભક્તો પણ દર્શનનો લાભ લઈ શકે. આ પ્રસંગે ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર અને જિલ્લા ભાજપ અધ્યક્ષ નયનાબેન પટેલ સહિતના રાજકીય-સામાજિક આગેવાનો અને હજારો માઈભક્તોએ ઉપસ્થિત રહી મહાઆરતીનો લાભ લીધો હતો

અનૈતિક સંબંધમાં પતિનો કાંટો કાઢ્યો | ગરીયા ગામના ખેતરમાંથી લાશ મળી હતી

# કોઠંબામાં પત્નીએ જ પ્રેમી સાથે મળી પતિની ક્રૂર હત્યા કરી હતી

**પોલીસે** ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી પત્ની અને પ્રેમીને ઝડપી પાડ્યા




(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૯

મહીસાગર જિલ્લાના કોઠંબા પોલીસ સ્ટેશન વિસ્તારના ગરીયા ગામે થયેલી હત્યાના અણઉકેલાયેલા ગુનાનો મહીસાગર જિલ્લા પોલીસે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કરી બંને આરોપીઓને ઝડપી પાડ્યા છે. ગરીયા ગામમાં રહેતા પ્રવિણભાઈ નાથાભાઈ (ઉં.વ. ૪૫) ની લાશ ૧૬મી ઓક્ટોબરના રોજ ગામની સીમમાં ખેતરમાંથી મળી આવી હતી. આ બનાવ અંગે કોઠંબા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસનની સૂચનાથી એલ.સી.બી., એસ.ઓ.જી. અને સ્થાનિક પોલીસની ટીમોએ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો કે મરણજનારની પત્ની મનીષાબેન અને કોલિણ ગામના હિતેશભાઈ દલાભાઈ પટેલ વચ્ચે પ્રેમસંબંધ હતો. પોતાના રસ્તામાંથી પતિને હટાવવા માટે બંનેએ ૧૫મી ઓક્ટોબર,૨૦૨૬ ની રાત્રે ભેગા મળી પ્રવિણભાઈને માથાના ભાગે લાકડીના ફટકા માર્યા હતા તેમજ ચાદર વડે મોઢું દબાવી તેમની હત્યા નિપજાવી હતી. બાદમાં મૃતદેહને દૂર ખેતરમાં ફેંકી દીધો હતો. મહીસાગર પોલીસે ગણતરીના કલાકોમાં આ ગુનાનો ભેદ ઉકેલી હિતેશ દલાભાઈ પટેલ અને મનીષાબેન પ્રવિણભાઈની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પખવાડિયાથી સાંજે વીજકાપની સમસ્યા યથાવત

# આંકલાવ પંથકના કાંઠાગાળામાં વીજકાપથી સ્થાનિકો પરેશાન

**સાંજના** સમયે વીજળી ગૂલ રહેવાના કારણે હાલાકી

(પ્રતિનિધિ) આંકલાવ તા.૧૯

આંકલાવ તાલુકાના કાંઠા ગાળા વિસ્તારમાં છેલ્લા પખવાડિયાથી સાંજના સમયે વારંવાર વીજકાપની સમસ્યા સર્જાઈ રહી છે. જેના કારણે ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આંકલાવ જોશીકુવા મુજકુવા સહિત આસપાસના ગામોમાં મુખ્યત્વે સાંજના સમયે વીજળી બંધ રહેતી હોવાની ફરિયાદ થવા પામી છે. સાંજના સમયે ઘરકામ અને ભોજન બનાવવાના સમયે વીજળી ગૂલ રહેતા મહિલાઓને વધુ મુશ્કેલી અનુભવવી પડે છે.

બીજી તરફ ખેતીકામ પૂર્ણ કરીને સાંજના સમયે ઘરે પરત ફરતા ખેડૂતોને પણ વીજ કાપના કારણે પરેશાની થઈ રહી છે. વીજ કાપના કારણે પાણીની મોટર સહિતની ઈલેક્ટ્રીક સુવિધાઓ શરુ થઈ શકતી નથી. પખવાડિયાથી આ પ્રકારની સમસ્યા અંગે સ્થાનિક એમજીવીસીએલ કચેરીમાં વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં સમસ્યા યથાવત રહેવા પામી છે. રજૂઆતો બાદ પણ સમસ્યાનું નિરાકરણ ન આવ્યાનો રોષ ગ્રામજનો વ્યકત કરી રહ્યા છે. જો કે, સતત એક પખવાડિયાથી સાંજના સમયે વીજ કાપની સમસ્યાથી કાયમી રાહતની ગ્રામજનો માંગ કરી રહ્યા છે.

ઉત્તરક્રિયા બાદ ઘરની સફાઈ વેળાએ ચિઠ્ઠી અને બે વિડિયો મળતાં પત્ની સામે કાર્યવાહી

# આણંદ :પત્નીના ત્રાસથી કંટાળી પતિએ આત્મહત્યા કરી હતી

**વકીલ પત્નીના ત્રાસથી** ૧૮ દિવસ પહેલા યુવકે આપઘાત કર્યો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદના સોજીત્રા રોડ પર આવેલી સોસાયટીમાં રહેતા ૩૫ વર્ષીય યુવક સંદીપ ચૌહાણે પત્નીના માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાનો ખુલાસો થયો છે. મૃત્યુના ૧૮ દિવસ બાદ ઘરની સફાઈ કરતી વખતે માતાને મળેલી સુસાઈડ નોટ અને મોબાઈલમાંથી પ્રાપ્ત બે વિડિયોના આધારે આણંદ શહેર પોલીસે મૃતકની વકીલ પત્ની વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

આણંદના સોજીત્રા રોડ સ્થિત હરીઓમ પાર્ક-૨ માં રહેતા આશાભાઈ ચૌહાણના ૩૫ વર્ષીય પુત્ર સંદીપને નડિયાદના હાથજ ગામની અને જીટોડીયા કોર્ટમાં વકીલાત કરતી ભુમિકા વાઘેલા સાથે ૧૦ વર્ષથી પ્રેમસંબંધ હતો અને બંનેએ વર્ષ ૨૦૨૨માં લગ્ન કર્યા હતા. આ લગ્ન બાદ પત્ની ભુમિકા શંકા-વહેમ રાખી સંદીપની નોકરી છોડાવી દીધી હતી. તે અવારનવાર ઝઘડા કરી પરિવારથી અલગ રહેવા તથા મિલકત પોતાના નામે કરાવવા અસહ્ય મહેણાં-ટોણા મારી ત્રાસ આપતી હતી. આ ત્રાસથી કંટાળી સંદીપે ગત ૩૦મી સપ્ટેમ્બરના રોજ ઘરમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. શરૂઆતમાં અકસ્માત મોતનો ગુનો નોંધાયો હતો, પરંતુ ૧૮ દિવસ બાદ ઉત્તરક્રિયા પૂરી થયા પછી સફાઈ કરતી વખતે માતાને એક ચિઠ્ઠી મળી હતી જેમાં સંદીપે પોતાના મોત માટે પત્નીને જવાબદાર ગણાવી હતી. આ ઉપરાંત મોબાઈલ તપાસતાં ૨૯મી સપ્ટેમ્બરના બે વિડિયો મળ્યા હતા, જેમાં સંદીપે પત્નીએ માર માર્યો હોવાનો, બચકુ ભર્યું હોવાનો અને સતત હેરાનગતિ કરી હોવાનો ઉલ્લેખ કર્યો હતો. આ પુરાવા મળતાં પિતા આશાભાઈ ચૌહાણે આણંદ શહેર પોલીસ મથકે પુત્રવધૂ ભુમિકાબેન વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સંતરામપુરના ભંડારામાં નવરાત્રીની આઠમે પંચકુંડી ગાયત્રી યજ્ઞનું ભવ્ય આયોજન કરાયું

**સંતરામપુર |** સંતરામપુર તાલુકાના ભંડારા (બોડીકુબા) ગામ ખાતે પવિત્ર નવરાત્રી પર્વની આઠમ નિમિત્તે પંચકુંડી ગાયત્રી યજ્ઞનું શ્રદ્ધા અને ધાર્મિક ઉત્સાહ સાથે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે ધારાસભ્ય ડો. કુબેરભાઈ ડીંડોર સહિત મોટી સંખ્યામાં ગાયત્રી પરિવારના સભ્યો, શ્રદ્ધાળુઓ અને સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ભક્તો તથા ગ્રામજનોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે પંચકુંડી ગાયત્રી યજ્ઞમાં શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો. તમામ શ્રદ્ધાળુઓએ આ ધાર્મિક પ્રસંગે યજ્ઞમાં આહુતિ આપીને પવિત્ર પુણ્યલાભ મેળવ્યો હતો.



### કડાણાની તલવાડા પ્રાથમિક શાળાના શિક્ષકનો ભાવભીનો વિદાય સમારોહ યોજાયો

**કડાણા |** કડાણા તાલુકાની તલવાડા પ્રાથમિક શાળાના સહાયક શિક્ષક શ્રી શંકરભાઈ માલીવાડનો વયનિવૃત્તિ સન્માન સમારોહ ધામધૂમથી યોજાયો હતો. આ પ્રસંગે મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખ દસરથભાઈ બારીયા અને શિક્ષણ સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ રાઠોડ સહિતના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોએ શંકરભાઈ દ્વારા વર્ષોથી શિક્ષણક્ષેત્રે અપાયેલા જ્ઞાનદાન અને સંસ્કારઘડતરના ઉત્કૃષ્ટ યોગદાનને સરાહ્યું હતું. આ સમારોહમાં શિક્ષક મિત્રો, ગ્રામજનો અને ભૂલકાઓએ તેમને સ્વસ્થ તથા આનંદમય નિવૃત્ત જીવન માટે ભાવભીની શુભકામનાઓ પાઠવી હતી.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની કુબેરનગર સોસાયટીમાં ૨૩ વર્ષની પરંપરા મુજબ ભવ્ય વેશભૂષા મહોત્સવ યોજાયો

**કપડવંજ |** કપડવંજની કુબેરનગર સોસાયટીમાં નવરાત્રી મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત ત્રેવીસ વર્ષની પરંપરા મુજબ ભવ્ય વેશભૂષા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કુબેરજી મહાદેવ મંદિર પાસેના વિસ્તારમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સોસાયટીના નાના ભૂલકાઓ, બાળકો, ભાઈ-બહેનો અને વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે સોસાયટીના ચેરમેન પી.એ. પટેલ, મંત્રી વિજય પટેલ અને ખજાનચી મુકેશ પરીખના જણાવ્યા અનુસાર સોસાયટી પરિવારો દ્વારા આ પરંપરા સતત જાળવી રાખવામાં આવી છે. આ કાર્યક્રમના અંતે તમામ સ્પર્ધકોને પાલિકાના ઉપપ્રમુખ સ્નેહા ઓઝાના હસ્તે પ્રોત્સાહક ઈનામો અને ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



### કપડવંજ કોલેજના પ્રા. ડૉ. પંકજ મકવાણા ચેસ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ દ્વિતીય ક્રમે વિજેતા બન્યાં

**કપડવંજ |** વસો કેળવણી મંડળ, વસો ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના ૧૮ થી ૪૦ વયજૂથના ઓપન એઇજ ગ્રુપ ભાઈઓમાં કપડવંજની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રાધ્યાપક ડો. પંકજકુમાર એમ. મકવાણા દ્વિતીય ક્રમાંકે વિજેતા બન્યા છે. તેમની આ સિદ્ધિ બદલ જિલ્લા કન્વીનરશ્રી દ્વારા તેમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. જિલ્લા કક્ષાએ સફળતા મેળવ્યા બાદ તેઓ આગામી દિવસોમાં રાજ્ય કક્ષાની સ્પર્ધામાં રમવા જશે.



### કપડવંજના ખોબલિયા ગામમાં ૬૦ લાખના ખર્ચે એપ્રોચ રોડનું ખાતમુહૂર્ત



**કપડવંજ |** કપડવંજ તાલુકાના ભુંગળિયા તાબે આવેલ ખોબલિયા ગામ ખાતે આશરે ૧.૫ કિમી લંબાઈના એપ્રોચ રોડનું રૂ. ૬૦ લાખના ખર્ચે નિર્માણ થનાર છે. આ રસ્તાના કામનું ખાતમુહૂર્ત કપડવંજના ધારાસભ્ય રાજેશ ઝાલાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. નવા રોડના નિર્માણથી ગ્રામજનોને અવરજવરમાં સુવિધા રહેશે અને ગામના વિકાસને નવી ગતિ મળશે. આ પ્રસંગે સંગઠન પ્રમુખ જીતુભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ ધૂળસિંહ સોલંકી સહિતના સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ખડોલ ખાતે ૩૫ વિદેશી ડેલિગેટ્સ અને RRSUના કુલપતિએ ગરબે ઘૂમી આરતી ઉતારી

**આંકલાવ |** આંકલાવ પોલીસ સ્ટેશન હદના ખડોલ (હ) ગામે માઁ શક્તિના સાતમા નોરતા નિમિત્તે ભવ્ય ગરબોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. બિમલ પટેલ અને આંકલાવ પી.આઈ. આર. બી. વનાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતી સંસ્કૃતિ અને ગરબા નિહાળવા અલગ-અલગ દેશોમાંથી ૩૫ જેટલા ડેલિગેટ્સ પણ પધારેયા હતા. આ તમામ ઉપસ્થિત મહેમાનોએ ગ્રામજનો સાથે ગરબે ઘૂમીને માતાજીની મહાઆરતી ઉતારી હતી.



### બાકરોલ સ્થિત સ્પેક-એમબીએ, સ્પોર્ટ્સ ઇન્ડક્શન સેશન અને થેલેસેમિયા ચેક-અપ કેમ્પ યોજાયો



**આણંદ |** બાકરોલ સ્થિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) ની એમ.બી.એ. કોલેજમાં 'આરંભ અને પ્રારંભ' ઓરિએન્ટેશન કાર્યક્રમ અંતર્ગત સ્પોર્ટ્સ ઇન્ડક્શન સેશન અને થેલેસેમિયા તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રથમ સેશનમાં ડો. પરેશ યાદવ, જિગર રેહવર અને રાહુલસિંહ દ્વારા વિદ્યાર્થીઓને રમતગમત, ટીમવર્ક અને શારીરિક તંદુરસ્તી અંગે પ્રોત્સાહક માર્ગદર્શન અપાયું હતું. બીજા સેશનમાં વિદ્યાર્થીઓનું થેલેસેમિયા સ્ક્રીનિંગ કરાયું તેમજ તેના નિવારણ અંગે માહિતી આપવામાં આવી હતી. આ કોલેજના ડિરેક્ટર ડો. વિશાલ પાટીદાર અને સ્ટાફના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમ બદલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શીતલ પટેલ તથા ટ્રસ્ટીગણે શુભેચ્છાઓ પાઠવી હતી.

### આસોદર ગામમાં આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રાકૃતિક ખેતી જાગૃતિ પદયાત્રા યોજાઈ

**આણંદ |** આંકલાવ તાલુકાના આસોદર ગામમાં શેઠ મ. છ. કૃષિ પોલિટેકનિક અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ પદયાત્રા યોજાઈ હતી. આ પદયાત્રાનો મુખ્ય હેતુ ખેડૂતો અને ગ્રામજનોને જમીન, પાણી અને પર્યાવરણના સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહિત કરવાનો હતો. આ આયોજનમાં કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, વૈજ્ઞાનિકો, ગામના સરપંચ રમણભાઈ પરમાર તથા સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પદયાત્રા દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રેરણાત્મક સૂત્રોચ્ચાર અને નાટ્ય રજૂઆત દ્વારા ગ્રામજનોને ઝેરમુક્ત અન્ન અને પર્યાવરણ રક્ષણનો સંદેશ આપ્યો હતો.



### મોગરીની જ્ઞાનયજ્ઞ વિદ્યાલયની બહેનો ખેલમહાકુંભ રસ્સાખેંચમાં રાજ્યકક્ષાએ રમશે

**આણંદ |** આણંદ જિલ્લા રમતગમત કચેરી દ્વારા બાકરોલ ખાતે યોજાયેલી ખેલમહાકુંભની જિલ્લા કક્ષાની ટગ ઓફ વોર (રસ્સાખેંચ) હરીફાઈમાં તમામ તાલુકાની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અનુપમ મિશન સંચાલિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીની બહેનોએ અંડર-17 વિભાગમાં શ્રેષ્ઠ પ્રદર્શન દાખવી દ્વિતીય ક્રમાંક મેળવ્યો હતો. શાનદાર રમત બદલ શાળાની વિદ્યાર્થીનીઓ અનન્યા ભરવાડ અને આદ્યા વાઘેલાની રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે. આ સિદ્ધિ બદલ ડો. રતિકાકા તેમજ આચાર્યા રીટાબહેન પટેલ અને શાળા પરિવારે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.



### આણંદના કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં 'જ્ઞાન સ્થલી' પુસ્તકાલય દ્વારા બુક રિવ્યુ સ્પર્ધા યોજાઈ



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત 'જ્ઞાન સ્થલી' પુસ્તકાલય દ્વારા કસ્તુરબા કન્યા વિદ્યાલય ખાતે ધોરણ-૧૧ની વિદ્યાર્થીનીઓમાં વાંચન રુચિ કેળવાય તે હેતુથી પુસ્તક સમીક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ વિવિધ શ્રેણીના ૯ પુસ્તકોની ઉત્કૃષ્ટ સમીક્ષા રજૂ કરી હતી. જેમાં 'પોઝિટિવ એટીટ્યુડ' પુસ્તક માટે જયનાબેન તળપદા પ્રથમ, 'હિંમતે મર્દા' માટે હીર પંડ્યા દ્વિતીય અને 'પાવર ઓફ પોઝિટિવ એટીટ્યુડ' માટે જાન્વી સોલંકી તૃતીય ક્રમાંકે વિજેતા બન્યા હતા. આ કાર્યક્રમના અંતે તમામ સહભાગીઓને 'બાળમિત્ર' મેગેઝીન અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયાં હતાં.

### કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટીમાં 'રક્તસેવક બાઇક રાઈડ'નું સ્વાગત કરાયું

**આણંદ |** સ્વૈચ્છિક રક્તદાનની જનજાગૃતિ અર્થે સમગ્ર ગુજરાતમાં નીકળેલી 'રક્તસેવક બાઇક રાઈડ'નું કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટીના એ. ડી. ગોરવાલા બ્લડ સેન્ટર ખાતે સ્વાગત કરી સંવાદ યોજાયો હતો. ડો. મનીષ વિડજાના નેતૃત્વમાં સાત બાઇકર્સની આ ટીમ ૩૧મી ઓક્ટોબર સુધી 'મૈં ભી રક્તદાતા, ઘર ઘર રક્તદાતા'ના સંદેશ સાથે રાજ્યભરમાં ફરી રહી છે. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને સ્ટાફને રક્તદાનનું મહત્ત્વ, થેલેસેમિયા જાગૃતિ તથા 'ઈ-રક્તકોશ' પોર્ટલ અને એપના ઉપયોગ વિશે માહિતી આપવામાં આવી હતી.

